# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-07-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ હૈદરાબાદથી દેશભરમાં છ અન્ય ESIC પરિયોજનાનો પ્રારંભ કરાવ્યો.

2) કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ કહ્યું, ગુજરાતના ધોલેરા આંતર-રાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ વિમાનમથકનું બાકીનું કામ ત્રણ મહિનામાં પૂર્ણ કરી વિમાન સેવાઓ શરૂ કરાશે.

3) કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલવેમાં અનેક મોટા ફેરફારની જાહેરાત કરી.

4) વિદેશ મંત્રાલયે જણાવ્યું, પશ્ચિમ એશિયાના ઘટનાક્રમ પર ભારતની સતત નજર.

5) ભારત-માલદીવ મુક્ત વેપાર કરાર માટે સંવાદના પહેલા તબક્કાની સફળ પૂર્ણાહૂતિ.

6) બર્મિંઘમમાં રમાતી એકદિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચમાં ઇંગ્લેંન્ડે ભારતને જીતવા 259 રનનો લક્ષ્યાંક આપ્યો.

.......................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MANDAVIYA ESI OPD BLOCK

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ હૈદરાબાદથી દેશભરમાં વર્ચ્યૂઅલ માધ્યમથી છ અન્ય ESIC પરિયોજનાનો પ્રારંભ કરાવ્યો. અંદાજે 650 કરોડ રૂપિયાથી વધુના રોકાણની આ પરિયોજનાથી દેશભરના 53 લાખ લાભાર્થીઓને ICU અને NICU સંભાળ સહિત અદ્યતન, નિઃશુલ્ક તબીબી સેવાઓ અપાશે. દરમિયાન શ્રી માંડવિયાએ સનતનગર E.S.I.C. હૉસ્પિટલમાં 211 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલા અત્યાધુનિક આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ બ્લૉકનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે તેમણે શ્રમ અને યુવાશક્તિને રાષ્ટ્રની પ્રગતિના બે સૌથી મહત્વના સ્તંભ ગણાવ્યા. શ્રી માંડવિયાએ કહ્યું, દેશમાં ESIC લાભાર્થીઓની સંખ્યા બમણી થઈને 15 કરોડ થઈ છે.

# DHOLERA KINJARAPU NAIDU

ગુજરાતના ધોલેરા આંતર-રાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ વિમાનમથકની કામગીરી 80 ટકા પૂર્ણ થઈ છે અને આગામી ત્રણ મહિનામાં બાકીનું કામ પૂર્ણ કરી વિમાન સેવાઓ શરૂ કરાશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી  કિંજારાપુ રામમોહન નાયડુએ આજે ધોલેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક પરિયોજનાની પ્રગતિની સમીક્ષા કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં આ જાહેરાત કરી.

(BYTE: RAM MOHAN NAIDU KINJARAPU, UNION MINISTER OF CIVIL AVIATION)

શ્રી નાયડુએ એ પણ જાહેરાત કરી હતી કે, વડોદરામાં ઍરબસના સહયોગથી બનેલા સંરક્ષણ ક્ષેત્રના પ્રથમ 'મેડ ઇન ઇન્ડિયા' C-295 વિમાનના મેન્ટેનન્સ, રિપેર માટે આ ઍરપોર્ટ પર ખાસ હેન્ગર્સ બનાવવાનું આયોજન કરાયું છે.

# EVE RAILWAY REFORMS

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલવેમાં અનેક મોટા ફેરફારની જાહેરાત કરી. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા તેમણે કહ્યું, હવે ખાતરોનું પરિવહન પરંપરાગત રીતે બંધ માલગાડીઓની જગ્યાએ વિશેષ કન્ટેનર્સમાં કરી શકાશે. તેના ઉપયોગથી સામાનના પરિવહન અને સંગ્રહ સરળ થશે અને સમગ્ર રેકને રોક્યા વગર વ્યક્તિગત કન્ટેનર મૂકી શકાય છે. શ્રી વૈષ્ણવે કહ્યું, દેશમાં ખાતરનું 85 ટકા પરિવહન રેલવે દ્વારા થાય છે.

ફ્લાય એશના પરિવહનમાં મોટો ફેરફાર કરતા શ્રી વૈષ્ણવે કહ્યું, હવે તેનું પરિવહન ખૂલ્લી માલગાડીઓની જગ્યા વિશેષ કન્ટેનર્સમાં કરાશે. તેમણે કન્ટેનર નીતિ હેઠળ સંકલિત લાઈસેન્સ પ્રણાલિ તેમજ જમીન સંપાદનની સમગ્ર પ્રક્રિયાને ઑનલાઈન કરવા ટૂંક સમયમાં રેલ ભૂમિ પૉર્ટલ કાર્યરત્ થવાની પણ જાહેરાત કરી.

(BYTE: ASHWINI VAISHNAV, RAILWAY MINISTER)

# SHIVRAJ WB AGRI ROADMAP

કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, પશ્ચિમ બંગાળમાં વાતાવરણ અને માટી મુજબ કૃષિ વિકાસની વ્યૂહરચના તૈયાર થઈ રહી છે. રાજ્ય સચિવાલય નવાન્ન ખાતે યોજાયેલી બેઠકમાં શ્રી ચૌહાણે આ વ્યૂહરચના તૈયાર કરવા કૃષિ વિશ્વવિદ્યાલય, સંશોધન સંસ્થા અને પશ્ચિમ બંગાળ સરકાર સાથે મળીને કામ કરી રહી હોવાનું જણાવ્યું.

શ્રી ચૌહાણે કહ્યું, પશ્ચિમ બંગાળમાં ચિનસુરા અને માલદા સહિત ચાર સ્થળ પર બટાકા અને શણના બીજની તાલીમ અને સંશોધન કેન્દ્ર સ્થાપિત કરાશે. તેમણે ખેડૂતો માટે ડિજિટલ ઓળખપત્ર બનાવવા અને પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના સહિતની કેન્દ્રીય યોજનાઓના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકારની પ્રશંસા કરી.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# MANDAVIYA BRICS FORUM

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. યુવાનોના કૌશલ્યને અસરકારક રીતે વધારી શકે છે. હૈદરાબાદમાં બ્રિક્સ વેપાર સંઘ ફૉરમ શિખર સંમેલનમાં તેમણે સરકારની અનેક સામાજિક સુરક્ષા પહેલ પર ભાર મૂક્યો અને સ્કિલ ઇન્ડિયા અભિયાન હેઠળ અમલમાં મુકાઈ રહેલા વિવિધ કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, A.I. અને રોબોટિક્સ ટેક્નિક સમગ્ર દેશમાં મોટો ફેરફાર લાવી રહી છે. તેમણે તમામ લોકોને નવી ટેક્નોલૉજીનો જવાબદારીથી ઉપયોગ કરવાની સલાહ આપી છે. રાષ્ટ્રીય અને રાજ્ય વિકાસમાં શ્રમિકોની નોંધપાત્ર ભૂમિકાનો સ્વીકાર કરતા ઉદ્યોગો અને વેપાર સંઘ વચ્ચે મજબૂત સહયોગ બનાવવા પણ તેમણે આહ્વાન કર્યું.

# PM RAMCHANDRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના વરિષ્ઠ નેતા રામચંદ્ર ગૌડાના અવસાન પર શોક વ્યક્ત કર્યો. શ્રી મોદીએ તેમને કર્ણાટકમાં ભાજપના એક મજબૂત સ્તંભ ગણાવતાં કહ્યું, તેમણે પક્ષને પાયાના સ્તર પર મજબૂત કરવા અને કાર્યકર્તાઓની અનેક પેઢીઓનું માર્ગદર્શન કરવામાં તેમનું જીવન સમર્પિત કરી દીધું હતું. કાઉન્સિલર, વિધાન પરિષદના સભ્ય અને મંત્રી તરીકે તેમનું જાહેર જીવન અતૂટ પ્રતિબદ્ધતા અને સેવાથી ભરેલું હતું તેમ પણ શ્રી મોદીએ ઉમેર્યું.

# REV MEA BRIEFING

ભારત પશ્ચિમ એશિયાના ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યું છે. ભારતે ફરી એક વાર હોર્મૂઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત અને અવરોધ વિના નેવિગેશન અને વેપાર ચાલુ રાખવા હાકલ કરી. નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, મંત્રાલયે ઈરાનના ડેપ્યુટી ચીફ ઑફ મિશનને બોલાવી ભારતની ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમજ જે બન્યું તેની સખત ટીકા કરી.

(BYTE : RANDHIR JAISWAL)

તેમણે કહ્યું, સંઘર્ષ ઘટાડવા બંને પક્ષે વાતચીત, સંવાદ અને રાજદ્વારીનો માર્ગ અપનાવવો જોઈએ, જેથી પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરી શકાય.

લૉરેન્સ બિશ્નોઈ જૂથ સામે કાર્યવાહી અંગે પ્રવક્તાએ કહ્યું, ભારત સતત કહેતું રહ્યું છે કે, આંતર-રાષ્ટ્રીય સંગઠિત ગુના, આતંકવાદ, કેફી પદાર્થોની તસ્કરી, માનવ તસ્કરી, ગેરકાયદે હથિયારોની તસ્કરી અને સંબંધિત ગુનાહિત નેટવર્ક સમાજ માટે મોટું જોખમ છે.

# INDIA MALDIVES

ભારત-માલદીવ મુક્ત વેપાર કરાર માટે સંવાદનો પહેલો તબક્કો સફળતાપૂર્વક સંપન્ન થયો. આ દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધનું વિસ્તરણ કરવાની દિશામાં મહત્વનું પગલું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું, ગયા અઠવાડિયે વર્ચ્યૂઅલ માધ્યમથી યોજાયેલા સંવાદમાં બંને પક્ષે તમામ પાસાઓ પર યોગ્ય વિકાસ કર્યો અને ઘણા મુદ્દાઓ પર વ્યાપક સંમતિ પણ સધાઈ છે.

ભારત માલદીવનું બીજું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. પ્રસ્તાવિત કરારથી બજારમાં પહોંચ વધારી, રોકાણને સરળ બનાવી, વધુ આર્થિક સહકારને પ્રોત્સાહન આપી અને બંને દેશમાં સતત આર્થિક વિકાસમાં યોગદાન આપી દ્વિપક્ષીય આર્થિક અને વ્યાપારિક સંબંધને વધુ મજબૂત થવાની આશા છે.

# CRICKET INDIA ENGLAND

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે હાલ બર્મિંઘમમાં ત્રણ મેચની એકદિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ રમાઈ રહી છે. પહેલા બેટિંગ કરતા ઇંગ્લેંન્ડની ટીમ 258 રન પર આઉટ થઈ છે. ટીમ તરફથી સૌથી વધુ અણનમ 76 રન જો રૂટે બનાવ્યા. જ્યારે લિયામ ડોસને 68 અને બેન ડકેટે 43 રન કર્યા.

ભારત તરફથી સૌથી વધુ 4 વિકેટ અક્ષર પટેલે ઝડપી છે. જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણ અને ગુરનૂર બ્રારે 2-2, જસપ્રીત બુમરાહ અને શિવમ દુબેએ 1-1 વિકેટ લીધી.

ભારતીય ટીમમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા સહિત જસપ્રીત બુમરાહ પરત આવ્યા છે. હાલમાં મળતાં અહેવાલ મુજબ ભારતીય ટીમે અત્યાર સુધીમાં 3 ઓવરમાં વિના વિકેટ ગુમાવી 18 રન કર્યા છે.